


**અનિલ નંદસુખલાલ શ્રોફ**
'રંગ-આશિષ', બંગલો નં. ૨,
ચેમ્બુર-ટ્રીમ્બેન્ડ કો.ઓ.હા. સોસાયટી,
સરિસ રોડ, ચેમ્બુર, મુંબઈ ૪૦૦ ૦૭૧.
ટેલિ. નં. (૦૨૨) ૨૫૨૦ ૩૯૦૯/૨૫૨૦ ૧૩૯૮


ૐ

॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥

# દત્તબાવની અમૃત મહોત્સવ

મહાસુદ એકમ, સંવત ૨૦૬૫. મંગળવાર, તા. ૨૭ જાન્યુઆરી ૨૦૦૯ થી

મહાસુદ એકમ, સંવત ૨૦૬૬. શનિવાર, તા. ૧૬ જાન્યુઆરી ૨૦૧૦

ગુરુભક્તિ પરાયણ, વંદનીય ગુરુબંધુ/ગુરુભગિની,

યુગોના યુગો વહી જશે પણ એ અવધૂત ભૂલાશે નહિ
સમર્પણ સર્વ ઓછા છે, ગુરુના ઋણ ચૂકવવા.

ભગવાન શ્રી રંગ અવધૂત ગુરુમહારાજના અંતરના ઊંડાણમાંથી પ્રગટેલ, શુદ્ધ ભાવસભર, ભગવાન દત્તાત્રેયની આર્તનાદે કરેલી આવાહન સ્તુતિ, ભગવાન દત્તાત્રેય, શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ અને શ્રી નૃસિંહસરસ્વતી સ્વામીમહારાજની અદ્‌ભુત લીલાના મધુર ગુણાનુવાદ ગાતી, નિષ્કલંક (પાંડુરંગ), કર્મશુદ્ધ જીવતાં પરમપદને પામવાની ટહેલ, સમાધિ ભાષામાં રચાયેલ, શાશ્વત સુખ પ્રદાતા, અમોઘ સંકટ વિમોચન સ્તોત્ર એજ આપણી દત્તબાવની. એ જ આપણા પરિવારનો એટમબોમ.

આપણા ગુરુમહારાજ ભગવાન શ્રી રંગાવધૂતજીએ સંવત ૧૯૯૧ના મહાસુદ એકમને સોમવાર, તા. ૪થી ફેબ્રુ. ૧૯૩૫ના રોજ સઈજ (તા. કલોલ) ના સિધ્ધનાથ મહાદેવના મંદિરમાં દત્તબાવનીની રચના કરી હતી. આ મહાન રચના સંવત ૨૦૬૫ના મહાસુદ એકમને મંગળવાર, તા. ૨૭ જાન્યુઆરી ૨૦૦૯ના રોજ ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે. અમૃતવર્ષના આ માંગલિક મહોત્સવને માણવા શ્રી અવધૂતનિવાસ ટ્રસ્ટ, નારેશ્વર અને અખિલ ભારત શ્રીરંગ પરિવારે સંવત ૨૦૬૫-૬૬ (ઈ.સ. ૨૦૦૯-૧૦) દરમ્યાન પ્રતિ શ્વાસે ગુજરાત અને મહારાષ્ટ્રના ગામે ગામ અને દેશ-વિદેશમાં દત્તબાવનીના પાઠ અને સ્વાહાકારના જે કાર્યક્રમો ઘડ્યા છે તેના અનુસંધાનમાં સમસ્ત મુંબઈ શ્રીરંગ પરિવારે (ડોંબિવલી અને ગીરગાંવ સહિત), પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીના આશીર્વાદથી નીચે જણાવેલા કાર્યક્રમો યોજવાનો મનોરથ સેવ્યો છે. આવો! આપણે બધાં આ સ્વકલ્યાણ અને સર્વકલ્યાણના મહાન યજ્ઞમાં સહભાગી થઈ વિશ્વશાંતિ માટે આપણું યોગદાન કરીએ.

## કાર્યક્રમની રૂપરેખા

૧. સમસ્ત મુંબઈ પરિવારના પ્રત્યેક ઘરમાં, પ્રત્યેક કુટુંબમાં, પ્રત્યેક કુટુંબીજન આખા અમૃતવર્ષ દરમ્યાન દરરોજ નિર્ધારિત સમયે-સવારે ૭.૦૦ વાગે અથવા રાત્રે ૯.૦૦ વાગે અનુકુળતા પ્રમાણે ઘીનો દીવો પ્રગટાવી, ધૂપ-અગરબત્તી કરી દત્તબાવનીના ઓછામાં ઓછા પાંચ પાઠ કરશે.

૨. મંગળવાર, તા. ૨૭મી જાન્યુઆરી ૨૦૦૯ના રોજ કાંદિવલી મંદિરે બપોરે ૩ થી ૭ દરમ્યાન દત્તબાવનીના સામૂહિક બાવન પાઠ કરીશું.

૩. આ અમૃતવર્ષની શુભ શરુઆતરૂપે પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીની ઉપસ્થિતિમાં રવિવાર, તા. ૮મી ફેબ્રુ. એ કાંદિવલી મંદિર નજીકના ભાટિયા હૉલમાં દત્તયાગનું આયોજન કર્યું છે. પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીની ઉપસ્થિતિમાં જ સોમવાર તા. ૯મી ફેબ્રુ.ને દિવસે સવારે ૯ થી ૧૨ દરમ્યાન શ્રીગુરુલીલામૃતના ચક્રીય પારાયણ થશે અને બપોરે ૩ થી ૬.૩૦ દરમ્યાન દત્તબાવનીના સામૂહિક બાવન પાઠ થશે. સમસ્ત મુંબઈ શ્રી રંગ પરિવારને હાર્દીક નિમંત્રણ પાઠવીએ છીએ.